<table>
<tr><td rowspan="5">GJBK010006942022</td><td>કેસ દાખલ તારીખ</td><td colspan="3">૦૧/૦૩/૨૦૨૨</td></tr>
<tr><td>કેસ રજીસ્ટર તારીખ</td><td colspan="3">૦૧/૦૩/૨૦૨૨</td></tr>
<tr><td>કેસ ફેસલ કર્યા તારીખ</td><td colspan="3">૧૩/૦૩/૨૦૨૬</td></tr>
<tr><td rowspan="2">અવધિ</td><td>વર્ષ</td><td>માસ</td><td>દિવસ</td></tr>
<tr><td>૦૪</td><td>૦૦</td><td>૧૨</td></tr>
</table>

**બનાસકાંઠા જિલ્લાના બીજા એડીશનલ સેશન્સ જજ**
**શ્રી અમિત જે. કાનાણી સાહેબની કોર્ટમાં,**
**મુકામ : પાલનપુર**

**ક્રિમિનલ અપીલ નંબર : ૩૭/૨૦૨૨**

**આંક**

**એપેલેન્ટ** : **અભયકુમાર રાજેશભાઈ સોહરા**
ઉ.વ. ૨૫, ધંધો – છુટક
રહે. ઈકબાલગઢ, તા. અમીરગઢ,
જિ. બનાસકાંઠા.

**વિરૂધ્ધ**

**રીસ્પોન્ડન્ટ** : **શ્રી સરકાર**

| | |
|---|---|
| **અરજ :–** | ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ–૩૭૪ અન્વયે ફોજદારી કેસ નં. ૬૧૬/૨૦૧૮ ના કામે વિ. જ્યુડી.મેજી.ફ.ક. શ્રી અમીરગઢ નાઓએ તા. ૦૫/૦૩/૨૦૨૨ ના રોજ કરેલ સજાના હુકમ વિરૂધ્ધ અપીલ. |

એપેલેન્ટ/મુળ આરોપી તરફે વિ. વકીલ શ્રી ડી.જી. વૈષ્ણવ
રીસ્પોન્ડન્ટ/શ્રી સરકાર તરફે વિ. એડી.પી.પી. શ્રી જે.એસ. પટેલ

**–:: ઠ રા વ ::–**

૧. હાલના એપેલેન્ટ/મુળ આરોપી તથા અન્ય આરોપીઓ વિરૂધ્ધ અમીરગઢના વિ. જ્યુડી.મેજી.ફ.ક. શ્રી નાઓની કોર્ટમાં ક્રિમિનલ કેસ નં. ૬૧૬/૨૦૧૮, ઈ.પી.કોડની કલમ– ૩૨૫,૩૨૩,૫૦૪,

૫૦૬(૨) તથા ૧૧૪ અન્વયેનો દાખલ થયેલ. સદરહું કેસમાં આ કામના એપેલેન્ટ/મુળ આરોપી નં. ૨ નાઓને વિ. મેજીસ્ટ્રેટશ્રીએ ઇ.પી.કોડની કલમ-૩૨૫ અન્વયેના ગુન્હામાં તકસીરવાર ઠરાવી, બે વર્ષની સાદી કેદની સજા તથા રૂા. ૫,૦૦૦/- (અંકે રૂપીયા પાંચ હજાર પુરા) નો દંડ ભરવાનો હુકમ કરેલ અને જો આરોપી દંડની રકમ ન ભરે તો વધુ બે માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરેલ, જે હુકમથી નારાજ થઇ એપેલેન્ટ/મુળ આરોપી નં.૨ નાઓએ ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ-૩૭૪ મુજબ હાલની આ અપીલ દાખલ કરેલ છે.

૨. સામાવાળાને નોટીસ બજતાં, સામાવાળા તરફે વિ. એડી. પી.પી. શ્રી જે.એસ. પટેલ હાજર થયેલ છે.

૩. પક્ષકારોના વિ. વકીલશ્રીઓની દલીલો સાંભળવામાં આવેલ.

૪. એપેલેન્ટ/મુળ આરોપી તરફે તેઓના વિ. વકીલ શ્રી ડી.જી. વૈષ્ણવે એવી રજુઆત કરેલ છે કે, વિ. મેજીસ્ટ્રેટશ્રીએ એપેલેન્ટ/મુળ આરોપી નં. ૨ ને સજા ફરમાવતો કરેલ હુકમ કાયદાની તથા હકીકતોથી ભુલ ભરેલો છે. ફરિયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવાનું અર્થઘટન કરવામાં તેઓએ ગંભીર ભુલ કરેલ છે. વિ. મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં જે દસ્તાવેજી પુરાવા રજુ થયેલા છે તેનું વિ. મેજીસ્ટ્રેટશ્રીએ યોગ્ય રીતે મૂલ્યાંકન કરેલ નથી. ફરિયાદી તથા ડોકટરશ્રી તથા ત.ક.અધિકારીની જુબાની લેવામાં આવેલ છે જે જોતાં સાહેદો એકબીજાથી વિપરીત જુબાની આપે છે તેમજ દસ્તાવેજો પણ ફરિયાદપક્ષના કેસને સમર્થનકર્તા નથી અને આખા કેસ દરમ્યાન સ્વતંત્ર સાહેદોની નિષ્પક્ષ હાજરી મળી આવેલ નથી. જે જોતાં વિ. મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટે એકમાત્ર શંકાના આધારે કેસમાં ઉપરોકત

મુજબનો હુકમ કરેલ છે. બનાવ તા. ૫/૦૭/૨૦૧૮ ના બપોરના ત્રણ વાગ્યાનો બનેલાનું ફરિયાદી તેમની જુબાનીમાં જણાવે છે જયારે તેઓ ધ્વારા ફરિયાદ તા. ૭/૦૭/૨૦૧૮ ના રોજ જાહેર કરવામાં આવેલ છે. આ સંદર્ભમાં બચાવપક્ષે વકીલશ્રી ધ્વારા ફરિયાદ બે દિવસ મોડી થયેલ છે તે હકીકત સંદર્ભમાં પ્રશ્ન પુછેલો પરંતું કોર્ટે તે અંગેનું અનુમાન એવું કરેલ કે બનાવની હકીકત કબુલ રાખેલ છે, જે ભુલ ભરેલ છે. ફરિયાદી તથા સાહેદો અંદરો અંદર સગાઓ થાય છે. ઈજા પામનારને બનાવ બન્યા બાદ કોઈ સરકારી હોસ્પિટલમાં પ્રાયમરી સારવાર કે ત્યારબાદ મહત્વની સારવાર કરાવેલ નથી પરંતું ફરિયાદીના કથન મુજબ ઈજા પામનારને પાલનપુર મુકામે પરીશ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ લઈ ગયેલા, જે હકીકત જોતાં આ કામે ડો. ચિરાગ ગીરીશભાઈ પટેલ એ આંક. ૩૧ થી સાહેદ તરીકે જુબાની આપેલ છે જેઓની જુબાની તથા આંક. ૩૩ વાળું પ્રમાણપત્ર જોતાં દર્દીએ તા. ૫/૦૭/૧૮ ના રોજ બાબુભાઈ ચમનાજી ઠાકોરને સારવાર સારૂ લાવેલા અને હીસ્ટ્રીમાં જણાવેલ કે તેમને પડી જવાથી ફ્રેકચર થયેલ છે. આમ, પડી જવાથી ફ્રેકચરની ઈજા થયાની હકીકત જાહેર કરેલ છે તેમ છતાં તે હકીકત ન માની વિ. મેજીસ્ટ્રેટશ્રીએ ભુલ ભરેલ હુકમ કરેલ છે. જેથી વિ. મેજીસ્ટ્રેટશ્રી નો હુકમ રદ કરી એપેલેન્ટ/મુળ આરોપી નં. ૨ ને નિર્દોષ ઠરાવી છોડી મુકવા તેઓએ રજુઆત કરેલ છે.

વધુમાં, એપેલેન્ટ/મુળ આરોપીના વકીલશ્રીએ રજુઆત કરેલ છે કે, આરોપી તરફે વિ. ટ્રાયલ કોર્ટ સમક્ષ પ્રોબેશનનો લાભ આપવા માટે પણ રજુઆત કરેલી પરંતું ટ્રાયલ કોર્ટે આરોપી પ્રત્યે પુર્વગ્રહ યુકત અને એકતરફી વલણ દાખવી કાયદાના પ્રતિપાદિત કરેલ સિધ્ધાંતોને ધ્યાને લીધા સિવાય ખોટો અને ગેરકાયદેસર હુકમ કરેલ હોઈ, ટ્રાયલ કોર્ટનો સમગ્ર હુકમ રદ કરવા વિકલ્પે પક્ષકારો

વચ્ચે સમાધાન થઇ ગયેલ હોય અને આંક. ૩૩ થી પક્ષકારોનુ સમાધાન રજુ કરેલ હોય, આરોપીને પ્રોબેશનનો લાભ આપવા વિનંતી કરેલ છે.

૫. જયારે વિ. એડી. પી.પી. શ્રી જે.એસ. પટેલની મુખ્ય રજુઆત એવી છે કે, આ કામે મહત્વના કહી શકાય તેવા ફરિયાદી તથા ઈજાપામનાર સાહેદે ફરિયાદપક્ષના કેસની હકીકતને સંપુર્ણપણે સમર્થન આપેલ છે, જેને તબીબી પુરાવાથી પણ સમર્થન મળેલ છે. ટ્રાયલ કોર્ટે પુરાવાનું યોગ્ય રીતે મુલ્યાંકન કરી, આરોપીને ગુન્હા સબબ તકસીરવાન ઠરાવેલ છે અને ટ્રાયલ કોર્ટે પોતાના ચુકાદામાં કોઇ ગંભીર પ્રકારની ભુલ કરેલ નથી, જેથી તે ચુકાદામાં હસ્તક્ષેપ કરવાને પાત્ર ન હોઇ, અપીલ નામંજુર કરવા રજુઆત કરેલ છે.

૬. પક્ષકારોની રજુઆત અને વિ. ટ્રાયલ કોર્ટ સમક્ષ રજુ થયેલ પુરાવા ધ્યાને લેતાં, સદરહું અપીલના નિર્ણયાર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**-:: <u>મુદ્દા</u> ::-**

૧. શું એપેલેન્ટ/મુળ આરોપી નિ:શંક પણે પુરવાર કરે છે કે,વિ. ટ્રાયલ કોર્ટે ફોજદારી કેસ નં. ૬૧૬/૨૦૧૮ ના કામે તા. ૫/૦૩/૨૦૨૨ નાં રોજ આરોપીને ઇ.પી.કોડની કલમ ૩૨૫ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી કેદની સજા તથા દંડનો હુકમ કરેલ તે કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત અને રેકર્ડ ઉપરની હકીકત અને પુરાવા વિરૂધ્ધનો છે અને તેમાં હસ્તક્ષેપ કરવાપાત્ર છે ?

૨. શું હુકમ ?

૭. આ કામે હવે પછી ચર્ચા કરવામાં આવેલ કારણો મુજબ ઉપરોકત

(અમિત જે. કાનાણી)
બીજા એડી. સેશન્સ જજ,
પાલનપુર.

મુદ્દા અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**–:: નિ ર્ણ યો ::–**

૧. નકારાત્મક,

૨. છેવટના હુકમ મુજબ.

**–:: કા ર ણો ::–**

**મુદ્દા નં. ૧ :–**

૮. આ કામમાં ફરિયાદપક્ષની હકીકત એવી છે કે, આ કામના આરોપી નં. ૧ પોતાની ગાડી દરરોજ ફરિયાદીના ઘરે આવવા જવાના રસ્તામાં મુકતા હોય, ફરિયાદીના પતિ સાહેદ બાબુજીએ રસ્તામાં ગાડી કેમ મુકો છો ? તેમ કહેતાં, આરોપી નં. ૧ પોતાના હાથમાં છરો લઈ તથા આરોપી નં. ૨/એપેલેન્ટ અભયકુમાર રાજેશભાઇ સોહરા પોતાના હાથમાં લોખંડની પાઈપ લઈ, આરોપી નં. ૩ યજ્ઞેશકુમાર ઉર્ફે નાનુભાઈ રાજેશભાઈ સોહરા તથા આરોપી નં. ૪ રેખાબેન રાજેશભાઈ રામજીવનભાઈ સોહાર સાથે ઉભા હોય સાહેદે ગાડી મુકવાની ના પાડતાં, તમામ આરોપીઓએ ઉશ્કેરાઈ જઈ મા–બેન સમાની ભુંડી ગાળો બોલવા લાગતાં, સાહેદે ગાળો બોલવાની ના પાડતાં આરોપી નં. ૨/એપેલેન્ટ નાએ પોતાના હાથમાંની પાઈપ સાહેદ બાબુજીને ડાબા પગની સાથળ ઉપર બે ત્રણ ફટકા મારી ફ્રેકચર કરી તથા આરોપી નં. ૧ તથા ૩ અને ૪ નાઓએ સાહેદ બાબુજીને ગડદાપાટુનો માર મારી તમામે જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી એકબીજાએ ગુનો કરવામાં મદદગારી કરી, આરોપીઓએ આક્ષેપિત ગુનો કરેલ હોવાનો આક્ષેપ છે.

૯. ફરિયાદપક્ષે આરોપી વિરૂધ્ધનો ગુન્હો શંકાથી પર રીતે સાબિત કરવા માટે નીચે મુજબના પુરાવા વિ. ટ્રાયલ કોર્ટ સમક્ષ રજુ કરેલા છે.

**મૌખિક પુરાવા :–**

| | | |
|---|---|---|
| ૧. | આંક–૧૬ | ફરિયાદી ઉષાબેન બાબુભાઇ કોળીની જુબાની |
| ૨. | આંક–૧૮ | પંચ વિઠ્ઠલભાઇ પથુજી ઠાકોરની જુબાની |
| ૩. | આંક–૨૦ | પંચ મગનજી ખેમાજી ઠાકોરની જુબાની |
| ૪. | આંક–૨૧ | સાહેદ ગૌરીબેન હરજીજી ઠાકોરની જુબાની |
| ૫. | આંક–૨૨ | સાહેદ બાબુજી ચમનજી ઠાકોરની જુબાની |
| ૬. | આંક–૨૩ | સાહેદ ચમનાજી રત્નાજી ઠાકોરની જુબાની |
| ૭. | આંક–૨૬ | પંચ જગદીશભાઇ બાબાભાઇ કહારની જુબાની |
| ૮. | આંક–૨૮ | પંચ મેઘાભાઇ રૂપાભાઇ રાયદારાની જુબાની |
| ૯. | આંક–૩૧ | ડોકટર ચીરાગ ગીરીશકુમાર પટેલની જુબાની |
| ૧૦. | આંક–૩૩ | ત.ક.અધિકારી અમરાભાઇ ચેલાભાઇની જુબાની |

**દસ્તાવેજી પુરાવા :–**

| | | |
|---|---|---|
| ૧. | આંક–૧૭ | ફરિયાદ |
| ૨. | આંક–૧૯ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૩. | આંક–૨૭ | મુદામાલ રીકવરી પંચનામું |
| ૪. | આંક–૩૨ | પોલીસ યાદી |
| ૫. | આંક–૩૩ | સારવાર પ્રમાણપત્ર |
| ૬. | આંક–૩૫ | સુચીપત્રક |

**૧૦.** આ કામે ફરિયાદપક્ષના સાહેદોના પુરાવા નોંધ્યા બાદ, ફરિયાદપક્ષ તરફે વિ. એ.પી.પી. શ્રી ધ્વારા વધુ પુરાવો આપવો નથી તેવું જાહેર કરતાં, ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ મુજબ આરોપીઓનું વધારાનું નિવેદન નોંધવામાં આવેલ. જેમાં આરોપીઓએ ફરિયાદપક્ષ ના કેસની મહતવની તમામ હકીકતોનો ઇન્કાર કરી તેઓ ઉપર ખોટો

કેસ કરેલ હોવાનું અને તેઓ નિર્દોષ હોવાનું જણાવી, પોતાના બચાવમાં સાહેદો તપાસવા નથી તથા પોતે સોગંદ ઉપર જુબાની આપવા માંગતા નથી તેવું જણાવેલ છે.

**૧૧.** વિ. મેજીસ્ટ્રેટશ્રીએ રેકર્ડ પર રજુ થયેલ પુરાવા ધ્યાને લઈ, પક્ષકારોના વિ. વકીલશ્રીઓની દલીલો સાંભળી, ફોજદારી કેસ નં. ૬૧૬/૨૦૧૮ ના કામે હાલના એપેલેન્ટ/મુળ આરોપી નં. ૨ નાઓને ઈ.પી.કોડની કલમ–૩૨૫ ના ગુન્હાના કામે તકસીરવાન ઠરાવી કેદ તથા દંડનો હુકમ કરેલ છે.

**૧૨.** હાલની અપીલ એપેલેન્ટ/મુળ આરોપી નં. ૨ તરફે ફોજદારી કેસ નં. ૬૧૬/૨૦૧૮ ના કામે વિ. મેજીસ્ટ્રેટશ્રીએ આરોપીને ઇ.પી.કોડ કલમ–૩૨૫ મુજબના ગુન્હાના કામે તકસીરવાન ઠરાવી કેદની સજા તેમજ દંડનો કરેલ હુકમ સામે ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ–૩૭૪ અન્વયે દાખલ કરેલ છે. અપીલના કામે નિર્ણય કરતી વખતે અપીલ અદાલતની એ ફરજ છે કે, ટ્રાયલ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ પુરાવાના મુલ્યાંકનના આધારે અપીલ અદાલતે તેઓના સ્વતંત્ર નિર્ણય ઉપર આવવાનું રહે છે અને કેસના ગુણદોષ ઉપર અપીલનો સ્વતંત્ર નિર્ણય કરવાનો રહે છે. ટ્રાયલ કોર્ટ સમક્ષ રજુ કરાયેલ ફરિયાદપક્ષના પુરાવા વિશ્વસનિય અને ગ્રાય રાખવાપાત્ર છે કે કેમ ? તે અપીલ અદાલતે ચકાસવાના રહે છે. ફરિયાદપક્ષે આરોપી વિરૂધ્ધનો પોતાનો કેસ તમામ વ્યાજબી શંકા રહિત પુરવાર કરેલ છે કે કેમ ? તેનો નિર્ણય અપીલ અદાલતે ટ્રાયલ કોર્ટ સમક્ષ રજુ થયેલ પુરાવા સંદર્ભે કરવાનો રહે છે. આ સંબંધે નામદાર સુપ્રિમ કોર્ટે **એ.આઈ.આર. ૨૦૦૦ (સુપ્રિમ કોર્ટ), પેજ નં. ૩૬૧, પદમસીંગ વિરૂધ્ધ ઉત્તર પ્રદેશ રાજય** ના ચુકાદામાં સ્પષ્ટપણે એવો સિધ્ધાંત પ્રતિપાદિત કરેલ છે કે, અપીલ અદાલતે તેઓની સમક્ષની

(અમિત જે. કાનાણી)
બીજા એડી. સેશન્સ જજ,
પાલનપુર.

અપીલનો નિર્ણય ગુણદોષના આધારે ટ્રાયલ કોર્ટ સમક્ષના પુરાવાનું મુલ્યાંકન કરી કરવાનો રહે છે. માત્ર ટ્રાયલ કોર્ટ ધ્વારા ચુકાદામાં જણાવેલ કારણો ઉપર આધાર નહિ રાખતાં, ટ્રાયલ કોર્ટ ધ્વારા આપવામાં આવેલ જે કારણો છે તે રજુ થયેલ પુરાવા સાથે સુસંગત છે કે કેમ ? તે સંબંધે ચકાસણી કરવાની રહે છે, અને ટ્રાયલ કોર્ટ ધ્વારા આપવામાં આવેલ કારણો અને તારણો પુરાવા સાથે સુસંગત અને સંતોષકારક છે કે કેમ ? તે અપીલ અદાલતે ચકાસવાના રહે છે.

**૧૩.** એપેલેન્ટ/મુળ આરોપીની હાલની અપીલ મેમોમાં જણાવેલ કારણો અને સંજોગો સંદર્ભે વિ. મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં ફરિયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરતાં પહેલાં અત્રે એ ઉલ્લેખનિય છે કે, એપેલેન્ટ/આરોપી વિરૂધ્ધના આક્ષપિત ગુન્હાઓ પૈકી ટ્રાયલ કોર્ટે માત્ર ઇ.પી.કોડની કલમ– ૩૨૫ મુજબના ગુન્હા સબબ તકસીરવાન ઠરાવેલ હોઇ, હાલની અપીલના કામે ઇ.પી.કોડની કલમ–૩૨૫ મુજબના ગુન્હા સબબ ટ્રાયલ કોર્ટ સમક્ષ ફરિયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરવાનું રહે છે.

**૧૪.** આ કામે સૌપ્રથમ ફરિયાદપક્ષનો કેસ જોવામાં આવે તો, બનાવ સમયે આ કામના આરોપી પોતાની ગાડી દરરોજ ફરિયાદીના ઘરે આવવા જવાના રસ્તામાં મુકતા હોય ફરિયાદીના પતિ સાહેદ બાબુજીએ રસ્તામાં ગાડી કેમ મુકો છો ? તેમ કહેતાં એપેલેન્ટ/ આરોપી એ પોતાના હાથમાં લોખંડની પાઇપ લઇ આવી સાહેદ બાબુજીને ડાબા પગની સાથળ ઉપર બે ત્રણ ફટકા મારી ફ્રેકચર કરી ગંભીર ઇજા પહોંચાડેલ હોવા સબબનો આક્ષેપ છે, ત્યારે આરોપી વિરૂધ્ધના કેસના ન્યાયિક નિર્ણય સારૂ ઇજાપામનાર સાહેદ તથા ફરિયાદી અને અન્ય સાહેદોનો પુરાવો જોવો અતિ મહત્વનો બની રહે છે.

**૧૫.** ફરિયાદપક્ષે ફરિયાદી ઉષાબેન બાબુભાઇ કોળી ઠાકોર તેમની આંક. ૧૬ ની જુબાનીમાં જણાવે છે કે, બનાવ વખતે તેઓ તેમના ઘરે હતાં અને તેમના પતિ બાબુજી ચમનાજી તેમની બાજુમાં રહેતા રાજુભાઇ મચ્છીવાળા જે મચ્છીનો ધંધો કરે છે તેમને રસ્તામાં ગાડી ઉભી હતી તે ગાડી રસ્તામાંથી લઇ લેવા તેમના પતિએ તેમના દિકરા અભયને કહેલ, જેથી અભયે ગાળો બોલી તેમના પતિને ડાબા પગે લોખંડની પાઇપ ચોડીને તેમનો પગ ભાંગી નાખેલો. તેમના પતિને વાગવાથી બેભાન થઇ ગયેલા અને પ્રાઇવેટ ગાડીમાં ઇકબાલગઢ દવાખાને લઇ ગયેલા. તેમના પતિને પગે ઓપરેશન કરાવેલ અને બે દિવસ દવાખાને રાખેલા. તેઓ બે દિવસ સારવારમાં રોકાયેલ હોય બે દિવસ પછી અમીરગઢ પો.સ્ટે. માં ફરિયાદ આપેલી. તેમની જુબાનીમાં આંક. ૧૭ થી ફરિયાદ રજુ થયેલ છે. આ સાહેદની આરોપી તરફે કરેલ ઉલટ તપાસ જોતાં તેમાં આરોપીએ ફરિયાદીના પતિને પાઇપ વડે માર મારી ઇજા કરેલ ન હોવા સંબંધે કોઇ હકીકત નીકળી આવતી નથી. ત્યારબાદ ઇજાપામનાર સાહેદ બાબુજી ચમનજી ઠાકોર તેમની આંક. ૨૨ ની જુબાનીમાં જણાવે છે કે, બનાવ વખતે આરોપી રેખાબેનની કાળા કલરની કાર રસ્તા વચ્ચે પડી હતી તેથી તેઓએ રેખાબેનને કહેલ કે ગાડી થોડી બાજુમાં મુકો તેથી ચાલી શકાય. આમ કહેવા જતાં રાજુભાઇ તેમજ તેમનો દિકરો અભય પાઇપ લઇને આવેલો અને તેમને ડાબા પગે સાથળ પર અભયે મારેલ અને તેથી તેઓ પડતા થયેલ અને કુકવા પાડવા લાગેલા. તે વખતે તેમના મમ્મી સંતુબેન આવેલા અને તેમને ઉપાડીને દવાખાને લઇ ગયેલા. પાલનપુર ચીરાગ પટેલને ત્યાં લઇ ગયેલા. ઉલટ તપાસમાં તેઓએ એ હકીકતનો ઇન્કાર કરેલ છે કે, બનાવ વખતે ઘણા માણસો ભેગા થઇ જતાં દોડવા જતાં આર.સી.સી. રોડ પર પટકાતાં હાલની ઇજા થયેલ છે. ત્યારબાદ સાહેદ ગૌરીબેન હરજીજી

ઠાકોર એ તેમની આંક. ૨૧ ની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ સમયે રેખાબેનની ગાડી તેમના ઘરના રસ્તા આગળ મુકેલ હતી તેથી ઇંટ ભરેલ ટ્રેક્ટર આવેલ તે વખતે તેમના જેઠ બાબુજી અને રેખાબેન બંને ઝઘડતા હતા તેથી તેઓ બહાર આવેલા અને જોયુ તો અભયના હાથમાં પાઇપ હતી અને તેમના જેઠને અભયભાઇએ ડાબા પગે પાઇપ મારેલ . તેમના જેઠ બાબુજીને પાલનપુર પ્રાઇવેટ દવાખાને લઇ ગયેલા.બનાવ તેઓએ નજરે જોયેલો અને આરોપીને ઓળખી બતાવેલ છે. ત્યારબાદ સાહેદ ચમનાજી રત્નાજી ઠાકોર એ તેમની આંક. ૨૩ ની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવમાં આરોપી રેખાબેન રસ્તામાં કાર મુકેલી એટલે તેમનો દિકરો બાબુજી કહેવા ગયો તેથી રેખાબેનના પતિ રાજુભાઇ ગાળો બોલવા લાગેલ અને તેમના દિકરા બાબુજીને રાજુભાઇએ તેના હાથમાં છરો રાખેલો અને તેનો છોકરાનું નામ તેમને યાદ નથી તેના હાથમાં પાઇપ હતી તે પાઇપ વાળા આરોપીને સાહેદે કોર્ટમાં હાથનો ઇશારો કરી ઓળખી બતાવેલ છે અને આ પાઇપ તેણે તેમના દિકરા બાબુજીને બે ત્રણ ઘા પગની સાથળ પર મારેલી તેથી તેમના દિકરાને પગે ફ્રેકચર થયેલું. આમ, ફરિયાદી, ઇજાપામનાર તથા સાહેદોનો પુરાવો જોતાં આરોપી અભયકુમાર રાજેશભાઇ સોહરા યાને કે હાલના એપેલેન્ટે સાહેદ બાબુજીને પોતાના હાથમાંની પાઇપના બે ત્રણ ઘા ડાબા પગના સાથળના ભાગે મારી ફ્રેકચર કરી ઇજા કરેલ હોવાની હકીકત જણાવેલ છે.

**૧૬.** આ સંબંધે મેડીકલ પુરાવો જોવામાં આવે તો, ડોકટર ચીરાગ ગીરીશકુમાર પટેલ તેમની આંક. ૩૧ ની જુબાનીમાં જણાવે છે કે, તા. ૫/૦૭/૨૦૧૮ ના રોજ દર્દી નામે બાબુભાઇ ચમનાજી ઠાકોર રહે. અમીરગઢ તેમની પરીશ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલમાં પોલીસ

(અમિત જે. કાનાણી)
બીજા એડી. સેશન્સ જજ,
પાલનપુર.

યાદી સાથે સારવાર સારૂ આવેલા, જે પોલીસ યાદી આંક. ૩૨ થી રજુ થયેલ છે. આંક. ૩૨ થી રજુ થયેલ પોલીસ યાદી જોતાં બનાવના દિવસે જ પોલીસે ઈજાપામનારને સારવાર માટે મોકલી આપેલ હોવાનું જણાય આવે છે. દર્દીને ડાબા થાપાનું ફ્રેકચર હોઈ તેનું ઓપરેશન તા. ૫/૦૭/૨૦૧૮ ના રોજ કરેલ અને તા. ૦૭/૦૭/૨૦૧૮ ના રોજ રજા આપેલી. દર્દી દાખલ થયેલ તે સમયે દર્દીએ જણાવેલ કે તેમને પડી જવાથી ફ્રેકચર થયેલ છે. આ સંબંધે એપેલેન્ટ તરફે એવી દલીલ કરેલ છે કે જો આરોપીએ ઈજાપામનારને ઈજા કરેલ હોત તો ડોકટર સમક્ષ આરોપીનું નામ જણાવેલ હોત પરંતુ પડી જવાથી ફ્રેકચર થયેલ હોવાની હકીકત ડોકટર સમક્ષ ઈજાપામનારે જણાવેલી છે. પરંતુ રજુ પુરાવો જોતાં ફરિયાદી તેમજ સાહેદો અને આરોપીઓ એકજ મહોલ્લામાં સામ સામે રહે છે અને સ્વાભાવીક રીતે ઝઘડો આગળ ન વધે તે સારૂ ડોકટર સમક્ષ ઈજાપામનાર બાબુજીએ પડી જવાના કારણે ઈજા થયાનું જણાવેલ હોય તેટલા માત્રથી ફરિયાદી તથા સાહેદોના પુરાવાને ફેકી દઈ શકાય નહી. ફરિયાદી તથા ખુદ ઈજાપામનારે પણ તેમની જુબાનીમાં આરોપીએ તેમને પાઈપ વડે માર મારી ઈજા કરી ફ્રેકચર કરેલ હોવાની હકીકત જણાવેલ છે, ત્યારે એપેલેન્ટની દલીલ ગ્રાહય રાખવા પાત્ર જણાતી નથી.

**૧૭.** વધુમાં, ત.ક.અધિકારી અમરાભાઈ ચેલાભાઈએ તેમની આંક. ૩૪ ની જુબાની જુબાનીમાં તેઓએ ગુનાની તપાસ સંભાળી લઈ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ તેમજ આરોપીએ સ્વખુશીથી હથિયાર રજુ કરતાં પંચનામાની રૂઈએ પંચોની હાજરીમાં પંચનામું કરી કબજે લીધેલ. હથિયાર રીકવરી પંચનામાના પંચો હોસ્ટાઈલ જાહેર થયેલ છે પરંતુ ત.ક.અધિકારીના પુરાવાથી હથિયાર

આરોપીએ રજુ કરેલ હોવાની હકીકત પુરવાર થતી હોય, માત્ર પંચો ફરી ગયેલ હોવા માત્રથી પંચનામું ત.ક.અધિકારીએ ખોટું કરેલ છે તે માની શકાય નહી. ત.ક.અધિકારીને આરોપી સાથે કોઇ મનદુખ કે વેરઝેર ન હોય કે જેના કારણે ખોટું પંચનામું કરી ખોટીતે આરોપીની સંડોવણી કરે. આમ, આરોપીએ મુદામાલની પાઇપ પંચો રૂબરુ રજુ કરતાં પંચનામાની હકીકતે કબજે લેવામાં આવેલ છે તે હકીકતને ત.ક.અધિકારીના પુરાવાથી સમર્થન મળે છે. વધુમાં, ત.ક.અધિકારીએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓએ આરોપીની શરીરસ્થિતિનું પંચનામું કરેલ, લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવ હોય ચાર્જશીટ કરેલ. આમ તેમની તપાસને અનુરૂપ પુરાવો આપેલો છે. ઉલટ તપાસમાં એવી કોઇ હકીકત નીકળી આવતી નથી કે ઈજા પામનારને ઈજા થયેલ નથી કે આરોપીએ ઈજા કરેલ નથી.

**૧૮.** વધુમાં, ફરિયાદી તથા સાહેદોના પુરાવામાં સામાન્ય વિરોધાભાષ માત્રથી આરોપીએ ઈજાપામનારને વ્યથા પહોચાડેલ હોવા અંગેની સમગ્ર હકીકત બાબતે કોઈ મહત્વની શંકા ઉત્પન થતી નથી. નામદાર સુપ્રિમ કોર્ટે **<u>લાલબહાદુર વિ. સ્ટેટ (એન.સી.ટી.) દિલ્હી, ૨૦૧૩(૪) એસ.સી.સી. પાન નં. ૫૫૭</u>** તેમજ **<u>ભરવાડ ભોગીનભાઇ હિરજીભાઇ વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ૧૯૮૩(૩) એસ.સી.સી. પાન નં. ૨૧૭</u>** વાળા ચુકાદાથી પુરાવાના મુલ્યાંકન સંબંધેના પ્રતિપાદિત કરેલ માર્ગદર્શક સિધ્ધાંતો ધ્યાને લેતાં, પુરાવાનું મૂલ્યાંકન કરતી વખતે અદાલતે સાહેદોના ભણતર, સામાજિક મોભો, સામાજિક પરિસ્થિતિ, બૌધિક સ્તર વિગેરે બાબત ધ્યાને લઇ તેના પુરાવાનું મૂલ્યાંકન કરવાનું હોય છે. કારણ કે, દરેક સાહેદની યાદદાસ્ત અને બનાવ સંદર્ભે નિરિક્ષણ કરવાની ક્ષમતા

અલગ અલગ હોય છે. તેથી સાહેદ ટેપ રેકોર્ડરની જેમ તમામ વખતે એકજ પ્રકારના ઉચ્ચારણો કરે તેવી અપેક્ષા રાખી શકાય નહિ. મોટા ભાગે શબ્દ:સહ પુન:ઉચ્ચારણ કોઇ સાહેદ કે વ્યકિત ધ્વારા સમયાંતરે કરવું મુશ્કેલ હોય છે. જેથી કયારેક સામાન્ય વિરોધાભાષ પુરાવામાં મળતો હોય છે. પરંતું આ વિરોધાભાષ કેસના ગુણદોષને અસર કરતા ન હોય તો તે ફરિયાદપક્ષના કેસને ઘાતક બનતા નથી અને આવા સામાન્ય વિરોધાભાષ અદાલતે અવણગવાના રહે છે. હાલના કેસના કામના ભોગબનાનાર ફરિયાદી અને સાહેદો જે અંતરીયાળ ગામડાના રહેવાસી છે અને મજુરીયાત વર્ગના માણસો છે અને રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવો જોતાં ફરિયાદીના પતિ સાથે ગાડી રસ્તામાં મુકવા બાબતે તકરાર કરી ઉશ્કેરાઇ જઇ એપેલેન્ટ/ આરોપીએ પોતાના હાથમાં પાઇપ લઇ આવી ફરિયાદીના પતિ સાહેદ બાબુજીને પગની સાથળ ઉપર બે ત્રણ ઘા મારી ફ્રેકચરની ઇજા પહોંચાડેલ છે ત્યારે સમગ્ર બનાવનો ઘટનાક્રમ જોતાં , કોઇ સાહેદે બનાવ જોયેલ હોય કે નહિ તેમજ બનાવ બની ગયા પછી આવેલ કે પહેલાં તેવા એક સમાન પુરાવાની અપેક્ષા રાખી શકાય નહી. રજુ થયેલ પુરાવાથી બનાવ સમયે આરોપી સ્થળ ઉપર આવી ગાડી મુકવા બાબતે તકરાર કરી ફરિયાદીના પતિને પાઇપ સાથળના ભાગે મારી ફ્રેકચર કરેલ છે તેટલી હકીકત તો નિ:શંક પણે પુરવાર થાય છે. જેથી બચાવપક્ષની દલીલ કે, ફરિયાદી સાહેદોએ બનાવ નજરે જોયેલ નથી અને બનાવ બની ગયા પછી આવેલ છે અને ખોટો પુરાવો આપે છે અને ફરિયાદી તથા સાહેદોના પુરાવામાં વિરોધાભાષ આવતો હોઇ, ફરિયાદી તથા સાહેદોના પુરાવા પર આધાર રાખી આરોપીને ગુના સાથે સાંકળી શકાય નહી તેવી દલીલ ઉપરોકત સંજોગોમાં ગ્રાહય રાખવાપાત્ર નથી.

(અમિત જે. કાનાણી)
બીજા એડી. સેશન્સ જજ,
પાલનપુર.

**૧૯.** વધુમાં, એપેલેન્ટ તરફે એવી દલીલ કરેલ છે કે, આ કામે ઈજાપામનાર સાહેદને થયેલ ઈજા સંબંધે કોઇ સમર્થનકર્તા તબીબી પુરાવો રેકર્ડ પર આવેલ નથી અને ડોકટર સમક્ષની હીસ્ટ્રીમાં પડી જવાથી ફ્રેકચર થયેલ હોવાનું ઈજાપામનારે જણાવેલ છે. પરંતું આ કામે ફરિયાદી તથા ઈજા પામનાર સાહેદનો પુરાવો જોતાં આરોપીએ ઈજાપામનાર બાબુજીને પાઇપ વડે પગની સાથળના ભાગે બે ત્રણ ઘા મારી ફ્રેકચરની ઈજા કરેલ હોવાનું જણાવેલ છે જેને ડોકટરના પુરાવાથી પણ સર્મથન મળે છે અને ડોકટરે પણ તેમની જુબાનીમાં ઈજાપામનાર બાબુભાઇ ચમનાજી ઠાકોરને ડાબા થાપાનું ફ્રેકચર હોઇ તેનું ઓપરેશન કરવામાં આવેલ છે. આમ માત્ર ઈજાપામનારે ડોકટર સમક્ષની હીસ્ટ્રીમાં પડી જવાના કારણે ફ્રેકચર થયેલ હોવાનું જણાવેલ છે તેટલા માત્રથી આરોપીએ ઈજા કરેલ નથી તેવું માની શકાય નહી. ઈજાપામનાર અને આરોપી એકજ મહોલ્લામાં સામ સામે રહે છે અને તેઓની વચ્ચે વધુ મનદુ:ખ ના થાય તે માટે ઈજાપામાનારે ડોકટર સમક્ષની હીસ્ટ્રીમાં પડી જવાના કારણે ઈજા થયેલ હોવાનું જણાવેલ હોય તેટલા માત્રથી આરોપીએ ઈજા કરેલ નથી તે હકીકત માની શકાય નહી. આરોપીએ ગુન્હામાં વાપરેલ હથિયાર પાઇપ પણ ત.ક.અધિકારી રૂબરુ સ્વખુશીથી રજુ કરેલ છે. જેથી આરોપી તરફેની દલીલ માની શકાય તેમ નથી.

**૨૦.** વધુમાં, બચાવપક્ષે એવી દલીલ કરેલ છે કે, બનાવના પંદરેક દિવસ અગાઉ ફરિયાદપક્ષ અને આરોપી રાજુભાઇને રાજભાની દુકાને લાઇટ બંધ કરવા બાબતે તકરાર થયેલી અને પક્ષકારો વચ્ચે બનાવ અગાઉથી દુશ્મનાવટ હોઇ ફરિયાદી તથા સાહેદોના પુરાવા પર આધાર રાખી આરોપીને ગુન્હા સાથે સાંકળી શકાય નહી. પરંતું પક્ષકારો વચ્ચેની અગાઉની દુશ્મનાવટ કે અદાવત બેધારી હથિયાર

જેવી હોય છે અને તે બનાવ પાછળનો ''**મોટીવ**'' હોઇ શકે અથવા તો કોઇને ખોટી રીતે ગુન્હા સાથે સંડોવવા માટેનું કારણ પણ હોઇ શકે. વધુમાં, આ સંબંધે **<u>મહારાષ્ટ્ર વિરૂધ્ધ તુલસીરામ ભાનેદાસ કાંબેલ, ૨૦૦૭ ક્રિ.લો.જર્નલ પાન નં. ૪૩૧૯</u>** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત જોતાં, ફરિયાદપક્ષ તથા આરોપીપક્ષ વચ્ચે અગાઉ દુશ્મનાવટ રહેલ છે તેટલા માત્રથી સાહેદોનો પુરાવો ''**ડિસ્કાર્ડ**'' કરી શકાય નહી પરંતું તેઓના પુરાવાનું કાળીજીપુર્વક વિશ્લેષણ કરવું જોઇએ અને તે રીતે પુરાવાનું વિશ્લેષ્ણ કરતાં, આ કામે ફરિયાદી તથા સાહેદોએ આરોપીએ પોતાના હાથમાંની પાઇપ વડે ઇજાપામનાર બાબુજીને ડાબા પગની સાથળના ભાગે બે ત્રણ ઘા મારેલા અને ફ્રેકચરની ઇજા પહોંચાડેલ હોવાની હકીકતને સમર્થન આપેલ છે અને તેને ખંડનકર્તા કોઇ હકીકત બચાવપક્ષે. રેકર્ડ પર લાવેલ નથી. તે સંજોગોમાં એપેલેન્ટ તરફેની ઉપરોકત દલીલ ગ્રાહય રાખવાપાત્ર નથી.

**૨૧.** અત્રે એ ઉલ્લેખનીય છે કે, આ કામે ફરિયાદી તેમજ ઇજાપામનાર સાહેદ બાબુજીએ તેમના પુરાવામાં આરોપીએ પોતાના હાથમાં પાઇપ હતી તે સાહેદ બાબુજીને ડાબા પગના સાથળ ઉપર બે ત્રણ ઘા કરી ફ્રેકચરની ઇજા પહોંચાડેલ હોવાની ફરિયાદ હકીકતને સમર્થન આપે છે અને આ હકીકતને બનાવના નજરે જોનાર સાહેદો પણ સમર્થન આપે છે અને તેને દાકતરી પુરાવાથી પણ સમર્થન મળેલ છે અને તેને ખંડનકર્તા કોઇ હકીકત બચાવપક્ષે રેકર્ડ ઉપર લાવેલ નથી , તેમજ ફરિયાદમાં પણ ફરિયાદીએ પોતાના જમણા હાથના અંગુઠાનું નિશાન કરેલ હોવાનું સ્વીકારેલ છે. તે સમગ્ર સંજોગો જોતાં, રેકર્ડ પર આવેલ ઉપરોકત હકીકત ફરિયાદપક્ષને ઘાતક નિવડતી હોવાનું જણાતું નથી.

૨૨. વધુમાં, આ કામે એપેલેન્ટસ તરફે એવી દલીલ કરેલ છે કે, બનાવ વાળી જગ્યાએ ફરિયાદી સિવાય બીજા ત્રણ ઘર આવેલા છે તેમજ ફરિયાદીના ઘરની આગળ આર.સી.સી. રોડ જાય છે અને રોડની આજુબાજુ દુકાનો આવેલ છે, કાપડની દુકાન આવેલ છે જેમાં પાંચથી છ નોકરી કામ કરે છે, તેમજ ફરિયાદીના ઘરની નજીકમાં ભોરીલાલ મીણાનું મકાન આવેલ છે અને તેઓ પરિવાર સાથે રહે છે તેમજ એક રબારીભાઈનું મકાન તેમજ સંજયભાઈ જૈનનું મકાન આવેલ છે અને દિવસ દરમ્યાન આ દુકાનોમાં અવર જવર રહે છે તેમ છતાં તપાસના કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લઈ તેઓનો પુરાવો રેકર્ડ કરવામાં આવેલ નથી. હવે આ દલીલના પરિપેક્ષમાં સમગ્ર રેકર્ડ જોતાં, તપાસના કામે સ્વતંત્ર સાહેદોની હાજરી હોવા છતાં તેઓના નિવેદનો લઈ સાક્ષી તરીકે દર્શાવેલ નથી તેવું જણાઈ આવે છે પરંતું આ કામે ફરિયાદી તથા સાહેદો કે જેઓ બનાવવાળી જગ્યાએ જ હાજર હતા અને તેઓની સ્થળ પરની હાજરી સંબંધે કોઈ શંકા ઉત્પન્ન થતી નથી. વળી, આ સાહેદો બનાવના નજરે જોનાર સાહેદો છે અને તેઓના પુરાવાથી બનાવ સમયે આરોપીએ પોતાના હાથમાંની પાઈપ વડે ઈજાપામનાર બાબુજીને ડાબા પગની સાથળ ના ભાગે બે ત્રણ ઘા મારી ફ્રેકચર કરી વ્યથા પહોંચાડેલ હોવાની હકીકત નિ:શંક પણે પુરવાર થાય છે ત્યારે માત્ર સ્વતંત્ર સાહેદોને સાક્ષી તરીકે નહિ દર્શાવવાની તપાસમાં રહી ગયેલ ખામીનો લાભ આરોપીને મળવાપાત્ર જણાતો નથી. ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે વિશ્વસનિય અને નિ:શંક પુરાવા રજુ કરવાના રહે છે. અદાલતને સાક્ષીઓની સંખ્યા સાથે નિસ્બત નથી પરંતું ગુણવત્તાયુકત પુરાવા ધ્યાને લેવાના રહે છે. જયારે રજુ થયેલ પુરાવા યોગ્ય અને વિશ્વસનિય જણાતા હોય અને તે આરોપીના દોષ તરફ નિર્દેશ કરતા હોય ત્યારે પ્રોસીકયુશનના પુરાવા સ્વીકારી આરોપીને

દોષી ઠરાવી શકાય છે, તે સંજોગોમાં આરોપીની ઉપરોકત દલીલ ગ્રાહય રાખવાપાત્ર નથી.

**૨૩.** વધુમાં, એપેલેન્ટ તરફે એવી દલીલ થયેલ છે કે, ફરિયાદપક્ષે તપાસવામાં આવેલ તમામ સાહેદો હિત ધરાવતા સાહેદો હોઇ, તેઓના પુરાવા પર આધાર રાખી આરોપીને ગુના સાથે સાંકળી શકાય નહી. પરંતું આ કામે તપાસવામાં આવેલ ફરિયાદી તથા સાહેદો ગુનામાં ભોગબનનાર તેમજ બનાવના નજરે જોનાર સાહેદો હોઇ તેઓનો પુરાવો આ કેસના ન્યાયિક નિર્ણય સારૂ અતિમહત્વનો બની રહે છે અને આ સાહેદોનો પુરાવો જયારે વિશ્વસનિય જણાતો હોય ત્યારે તેઓના એકમાત્ર પુરાવા પર આધાર રાખી આરોપીને ગુના સાથે સાંકળી શકાય છે. સાહેદો ફરિયાદીના સગા–સબંધીઓ થતા હોવા માત્રથી તેઓનો પુરાવો ડીસ્કાર્ડ કરી શકાય નહી. જેથી એપેલેસન્ટની ઉપરોકત દલીલમાં કોઇ તથ્ય જણાતું નથી.

**૨૪.** વધુમાં, એપેલેન્ટ તરફે એવી દલીલ થયેલ છે કે, તા. ૫/૦૭/૨૦૧૮ ના બપોરના ત્રણ વાગ્યાનો બનાવ બનેલાની હકીકત જણાવેલ છે જયારે ફરિયાદી ધ્વારા ફરિયાદ તા. ૦૭/૦૭/૨૦૧૮ ના રોજ યાને કે બે દિવસ મોડી થયેલ છે અને મોડી ફરિયાદ આપવા સંબંધે કોઇ વ્યાજબી ખુલાસો કરવામાં આવેલ નથી. બચાવપક્ષની આ દલીલ પણ માની શકાય તેમ નથી. ફરિયાદીએ પોતાની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, તેમના પતિને પગે ઓપરેશન કરાવેલ અને બે દિવસ દવાખાને રાખેલા જેથી બનાવના બે દિવસ પછી અમીરગઢ પો.સ્ટે. માં આરોપી વિરૂધ્ધ ફરિયાદ આપેલી. આમ, ઇજાપામનાર ફરિયાદીના પતિને બે દિવસ સુધી હોસ્પિટલમાં દાખલ રાખવામાં આવેલ હોય અને ત્યારબાદ રજા આપતાં ફરિયાદીએ ફરિયાદ આપેલ છે તે ખુલાસો વ્યાજબી અને

યોગ્ય હોય, બચાવપક્ષની ફરિયાદ મોડી આપવા બાબતેની દલીલ ગ્રાહ્ય રાખવાપાત્ર જણાતી નથી.

**૨૫.** આમ, સમગ્રપણે ટ્રાયલ કોર્ટ સમક્ષ ફરિયાદપક્ષે રજુ થયેલ પુરાવાથી બનાવ સમયે એપેલેન્ટ/આરોપીએ પોતાના હાથમાંની પાઇપ વડે ઈજાપામનાર બાબુજીને ડાબા પગની સાથળના ભાગે બે ત્રણ ઘા મારી ફ્રેકચર કરી વ્યથા પહોંચાડી ઇ.પી.કોડની કલમ–૩૨૫ મુજબનો ગુન્હો કરેલ હોવાનું નિ:શંક પણે પુરવાર થાય છે. આમ, વિ. મેજીસ્ટ્રેટશ્રીએ તેઓની સમક્ષ રજુ થયેલ તમામ પુરાવાનું બારીકાઈથી મુલ્યાંકન કરેલ હોવાનું સ્પષ્ટ રીતે જણાઈ આવે છે તેમજ સદરહું અપીલના કામે પણ આ અદાલતે ફરિયાદપક્ષના તમામ સાહેદોના પુરાવાનું એપેલેન્ટ/મુળ આરોપી તરફે રજુ કરેલ બચાવ, તકરારના સંદર્ભમાં બારીકાઈથી રી–મુલ્યાંકન કરી તેને વિ. મેજીસ્ટ્રેટશ્રીએ પોતાના ચુકાદામાં કરેલ મુલ્યાંકન સાથે ચકાસતાં, વિ. મેજીસ્ટ્રેટશ્રીએ સમગ્ર પુરાવાના યોગ્ય મુલ્યાંકનના અંતે આરોપીને યોગ્ય રીતે ઇ.પી.કોડની કલમ–૩૨૫ ના ગુન્હામાં દોષિત ઠરાવી, સજાનો હુકમ કરેલાનું તેમજ તે સિવાયના અન્ય ગુન્હામાં તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરેલાનું જણાય છે. આમ, સમગ્ર રીતે વિ. ટ્રાયલ કોર્ટના હુકમમાં કોઈ હસ્તક્ષેપ કરવાપાત્ર જણાતું નથી. જેથી મુદા નં. ૧ નો જવાબ ''**નકારાત્મક**'' ઠરાવવામાં આવેલ છે.

**૨૬.** આ કામે પક્ષકારો તરફે આંક. ૩૩ થી સમાધાન પુરસીસ રજુ કરી એપેલેન્ટ અને રીસ્પોન્ડન્ટ પડોશી હોઈ સામાજિક રાહે

સુખદ સમાધાન થયેલ હોઇ, પક્ષકારો વચ્ચે થયેલ સમાધાન ગ્રાહય રાખવા અરજ કરતાં, સદર અરજી નીચે પ્રોબેશન અધિકારીનો રીપોર્ટ મંગાવવાનો હુકમ કરવામાં આવેલ છે. આ અદાલતને ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ-૩૬૯(૪) અન્વયે મળેલ સત્તા આધારે પ્રોબેશન ઓફિસરશ્રીનો રીપોર્ટ મંગાવવામાં આવતાં, પ્રોબેશન ઓફિસરશ્રીનો રીપોર્ટ આંક-૩૫ થી રજુ થયેલ છે. સદર રીપોર્ટ ધ્યાને લેતાં, આરોપી તેમના કુટુંબના મુખ્ય કમાનાર વ્યકિત તરીકે કુટુંબની સામાજિક જવાબદારી તથા આરોપીને શીરે માતા-પિતાની જવાબદારી, પત્ની ઉપરાંત પોતાના બે પુત્રોના ઉછેર, કેળવણી, અભ્યાસ, ભરણપોષણ તથા તે સારૂ શિક્ષણ મેળવી યોગ્ય કારક્રિર્દી બનાવી શકે તેની જવાબદારી રહેલી છે. જો આરોપીને સજા થાય તો જણાવેલ આ તમામ બાબતો પર વિપરીત અસર થાય, સાથોસાથ તેમની સામાજિક છબી ખરડાય તેમ છે. નાના ભાઇનું ભવિષ્યમાં સારૂ સગુ તથા લગ્ન કરવાની સામાજિક જવાબદારી તથા પત્ની, બાળકો અને માતા પિતાને સહારો આપવાની જવાબદારી વગેરે સંજોગોને ધ્યાને લેતાં સદર ગુન્હા અંગે ખૂબ જ પ્રશ્ચયાતાપ, આરોપીએ અપનાવેલ સુધારાત્મક વલણ વગેરે સદર આરોપીના સુધરવાની તક આપી શકાય એવો અભિપ્રાય આપેલ છે, તે સાથે ઇ.પી.કોડની કલમ-૩૨૫ ની સજાની માત્રા ધ્યાને લેતાં, તેમજ આરોપી પુન: આવી ગુન્હાહિત પ્રવૃતિમાં સંડોવાય તેવું આ તબકકે જણાઇ આવતું ન હોઇ, આરોપીની કૌટુંબિક અને સામાજિક જવાબદારી ધ્યાને રાખી આરોપીને બ્રાન્ડેડ ક્રિમિનલ તરીકે તેઓના ભવિષય ઉપર

વિપરીત અસર થાય તે રીતે જેલમાં મોકલવાનું ઉચિત જણાતું નથી, પરંતું ઉપરોકત પ્રાશ્રાત ભૂમિકા જોતાં આ અદાલત સુધારાત્મક અભિગમ અપનાવવાનું ઉચિત માને છે, જો તેમ કરવામાં આવશે તો આરોપીએ નાની વયમાં કરેલો ગુન્હો અને સાથે સાથે ભવિષ્યમાં આવી ગુન્હાહિત પ્રવૃતિ તરફ તેઓ આગળ વધે નહી તે કારણસર ઉભયપક્ષનું હિત સમતુલિત રીતે જોતાં તેમજ આરોપીની કૌટુંબિક અને સામાજિક જવાબદારી તેઓ સારી રીતે નિભાવી શકે તેમજ તેઓને કંઈ સહન કરવાનો પ્રસંગ ન બને તે કારણોસર આરોપી પોતાની ભુલનું પ્રાયશ્ચિત કરી એક જવાબદાર નાગરિક તરીકેની ભૂમિકા અદા કરે અને સન્માનપૂર્વક પોતાનું જીવન વ્યતિત કરી શકે તે કારણસર માનવિય અભિગમ અખત્યાર કરી, સાથે સાથે સુધારાત્મક અભિગમને ધ્યાને લેતાં, તથા નામદાર સુપ્રિમ કોર્ટના **<u>૨૦૧૧(૪) એસ.એસ.સી. (ક્રિમિનલ) પાન નં. ૬૭૪ કમીશ્નર ઓફ પોલીસ વિરૂધ્ધ સંદિપકકુમાર</u>** વાળા ચુકાદાથી પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતાં, આરોપીને ગુનેગાર તરીકે સમાજમાં રાખવા કરતાં તે પોતાનું જીવન યોગ્ય રીતે પસાર કરી શકે તે કારણસર કેટલીક ચોકકસ શરતોને આધીન સી.આર.પી.સી.ની કલમ−૩૬૦ અન્વયે પ્રોબેશનનો લાભ આપવો ઉચિત જણાય છે. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**−:: <u>હુ ક મ</u> ::−**

૧. એપેલેન્ટ/મુળ આરોપીની હાલની આ અપીલ નામંજુર કરવામાં આવે છે.

(અમિત જે. કાનાણી)
બીજા એડી. સેશન્સ જજ,
પાલનપુર.

**૨.** અમીરગઢના વિ. જયુડી.મેજી.ફ.ક. શ્રીએ તેઓની કોર્ટના ફોજદારી કેસ નં. ૬૧૬/૨૦૧૮ માં આરોપી અભયકુમાર રાજેશભાઈ સોહરા, રહે. ઈકબાલગઢ, તા. અમીરગઢ, જિ. બનાસકાંઠા નાઓને ઈ.પી.કોડની કલમ- ૩૨૫ મુજબના ગુન્હાના કામે તકસીરવાન ઠરાવવાનો અને તેના અનુસંધાને આરોપીને કરેલ બે વર્ષની સાદી કેદની સજા તથા રૂા. ૫,૦૦૦/- ના દંડનો હુકમ કાયમ કરવામાં આવે છે, અને એપેલેન્ટ/ મુળ આરોપીને આ હુકમની તારીખથી બે વર્ષ સુધી નીચેની શરતોને આધીન પ્રોબેશન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતો</u> :-**

**૧.** આરોપીએ આ હુકમની તારીખથી બે વર્ષ સુધી કોઈપણ પ્રકારનું ગુન્હાહિત કૃત્ય કરવું-કરાવવું નહિ.

**૨.** આરોપીએ ઉપરોકત સમયગાળા દરમ્યાનના રૂા. ૧,૦૦,૦૦૦/- (અંકે રૂપીયા એક લાખ પુરા) ના જાત જામીન અને તેટલી જ રકમના સધ્ધર જામીનદારના જામીનખત આ અદાલત સમક્ષ આપવાના રહેશે.

**૩.** આરોપી ધ્વારા ઉપરોકત સમયગાળા દરમ્યાન કોઈપણ ગુન્હાહિત કૃત્ય કરવામાં આવશે તો, આરોપીને આપવામાં આવેલ પ્રોબેશનનો લાભ આપોઆપ રદ થયેલ ગણાશે અને તેઓએ વિ. મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટ સમક્ષ ફોજદારી કેસ નં. ૬૧૬/૨૦૧૮ ના કામે તા. ૫/૦૩/૨૦૨૨ ના રોજ થયેલ હુકમ અનુસાર સજા ભોગવવા સરન્ડર થવાનું રહેશે.

**૪.** આ અપીલના કામે અરોપીના લેવામાં આવેલ જામીન અને જામીનખત આથી રદ કરવામાં આવે છે.

(અમિત જે. કાનાણી)
બીજા એડી. સેશન્સ જજ,
પાલનપુર.

**૫.** આ અપીલના ચુકાદાની એક નકલ સાથે અમીરગઢના વિ. જયુડી.મેજી.ફ.ક.શ્રીની કોર્ટના ફોજદારી કેસ નં. ૬૧૬/૨૦૧૮ નું તમામ રેકર્ડ એન્ડ પ્રોસીડીંગ્ઝ વિ. મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટને પરત મોકલવું.

હુકમ આજ તા. **૧૩** મી માહે **માર્ચ** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

મુકામ : પાલાનપુર
તારીખ : ૧૩/૦૩/૨૦૨૬

**(અમિત જે. કાનાણી)**
બીજા એડીશનલ સેશન્સ જજ,
બનાસકાંઠા–પાલનપુર
(કોડ નં. જી.જે.૦૦૬૬૨)

/**raval**/

(અમિત જે. કાનાણી)
બીજા એડી. સેશન્સ જજ,
પાલનપુર.